પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 23 ફેબ્રુઆરી 2018

**ભારતીય રિઝર્વ બેંક ગૈર-બેન્કીંગ નાણાકીય કંપનીઓ માટે લોકપાલ યોજના શરુ કરે છે**

તારીખ 7 ફેબ્રુઆરી 2018 ના નાણાકીય નિતી નિવેદનમાં કરેલ જાહેરાત અનુસાર, ભારતીય રિઝર્વ બેન્કે, ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, 1934 ની કલમ 45-IA હેઠળ આરબીઆઈ પાસે નોંધાયેલ એનબીએફસી વિરુદ્ધ ફરિયાદોના નિવારણ માટે, આજે 23 ફેબ્રુઆરી 2018 ના નોટીફીકેશન દ્વારા ગૈર-બેન્કીંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) માટે લોકપાલ યોજના શરુ કરેલ છે. આ યોજના હેઠળ આવરી લેવાયેલ એનબીએફસી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં ક્ષતિઓ અંગે એક ખર્ચ વિહોણું અને ઝડપી ફરિયાદ નિવારણ તંત્ર આ યોજના દ્વારા પૂરું પાડવામાં આવશે. એનબીએફસી લોકપાલોના કાર્યાલયો ચાર મેટ્રો સેન્ટરો જેવા કે ચેન્નાઈ, કોલકાતા, મુંબઈ અને નવી દિલ્હીમાં કાર્યરત હશે અને સંબંધિત ક્ષેત્રોમાં ગ્રાહકોની ફરિયાદો હાથ ધરશે.

શરૂઆતમાં, આ યોજના ડીપોઝીટ સ્વીકારતી તમામ એનબીએફસીને આવરી લેશે. પ્રાપ્ત અનુભવના આધારે, આરબીઆઈ ગ્રાહક ઈન્ટરફેસ સાથે રૂપિયા એક બિલિયન અને તેથી વધુ સંપત્તિ કદ ધરાવતી એનબીએફસીને આવરી લેવા માટે યોજનાનો વ્યાપ વધારશે.

આ યોજના એક એપેલેટ તંત્ર પૂરું પાડે છે જેના હેઠળ ફરિયાદી / એનબીએફસીને લોકપાલના નિર્ણય વિરુદ્ધ એપેલેટ ઓથોરીટી સમક્ષ અપીલ કરવાનો વિકલ્પ આપે છે.

આ યોજનાની સંપૂર્ણ માહિતી આરબીઆઈની વેબ-સાઈટ પર ઉપલબ્ધ છે.

જોશ જે. કત્તુર
મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2017-2018/2289**